


# ૯૫ બેઠકો માટે અભૂતપૂર્વ ૭૦.૨૦ ટકા મતદાન

## મુખ્યપ્રધાન મોદી સહિત ૮૨૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા ઉંચા મતદાન બાદ સસ્પેન્સ

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે આજે શાંતિપૂર્ણ રીતે રેકોર્ડ મતદાન થયું હતું અને ગુજરાતના ઈતિહાસમાં હજુ સુધીનું સૌથી ઉંચુ મતદાન નોંધાયુ હતુ. વર્ષ ૧૯૯૫માં સૌથી વધુ ૬૪.૩૯ ટકા મતદાન થયુ હતુ જેનો રેકોર્ડ આજે તૂટી ગયો હતો. બીજા તબક્કામાં સરેરાશ ૭૦ નોંધાયુ હતુ જો કે પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકાના મતદાનના રેકોર્ડને શહેરી વિસ્તારોમાં તોડવામાં સફળતા મળી ન હતી જો કે ચૂંટણીમાં સૌથી વધુ મતદાન થયું હતુ. બે તબક્કા મળીને સરેરાશ ૬૯.૮૭ ટકા મતદાન નોંધાયુ હતુ. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના તમામ ૮૨૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા આની સાથે જ હવે ૨૦મીએ પરિણામ જાહેર થશે. ત્યારે તમામ સસ્પેન્સનો અંત થશે. આજે સવારથી જ તમામ મતદાન મથકો ઉપર શરૂઆતથી જ લાંબી લાઈનો લાગી હતી જેથી દિવસના અંતે ઉંચું મતદાન નોંધાયુ હતુ. શહેરી વિસ્તારોમાં વધારે ઉત્સાહ દેખાયો હતો. આજે યોજાયેલા મતદાનને લઈને પહેલાથી જ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે ૯૫ બેઠકો પર મતદાન યોજાયુ હતુ. તમામ બેઠકો પર કુલ ૮૨૦ ઉમેદવારોના ભાવિ મતદન બાદ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બીજા તબક્કામાં ચૂંટણીને લઈને શહેરી વિસ્તારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સવાર પડતા જ આઠ વાગ્યાની લોકો રાહ જોઈ રહ્યા હતા. મધ્ય, ઉત્તર ગુજરાત, અમદાવાદ શહેર અને કચ્છ જિલ્લાની બેઠકો પર આજે મતદાન યોજાયુ હતુ.કુલ ૧.૯૮ કરોડ મતદારો પૈકી આશરે ૭૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે મોદીએ ઉત્તર ગુજરાતમાં પાંચ રેલીને સંબોધી હતી.જ્યારે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ કચ્છમાં રેલી યોજી હતી આની સીધી અસર મતદાન પર દેખાઈ હતી. પ્રથમ તબક્કાની સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતની ૮૭ બેઠકો માટે ચૂંટણીમાં મતદારોએ અભૂતપૂર્વ ઉત્સાહ દર્શાવ્યો હતો જેના લીધે ૭૦.૭૫ ટકા જંગી મતદાન થયુ હતુ. પ્રથમ તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ શહેરી વિસ્તારોમાં વધુ ઉંચા મતદાનની અપેક્ષા પહેલાથી જ દેખાઈ રહી હતી. બીજા તબક્કાની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા સહિત ૧૬ પ્રધાનોના ભાવિ આજે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બીજા તબક્કામાં કુલ ૮૨૦ ઉમેદવારોએ તેમના ભાવિ અજમાવ્યા છે. જેમાં ૪૯ મહિલા ઉમેદવારો પણ સામેલ છે. બીજા તબક્કામાં ૯૫ બેઠક પૈકી ભાજપે તમામ ૯૫ બેઠક પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા. જ્યારે કોંગ્રેસે ૯૨, ગુજરાત પરિવર્તન પાર્ટીએ ૮૪, બસપે ૮૪, અપક્ષે ૨૮૪ અને અન્યોએ ૧૮૧ ઉમેદવારો ઉભા રાખ્યા હતા. બીજા તબક્કામાં ૨૩૩૧૮ ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા ૧૦૧૨૬ દર્શાવવામાં આવી હતી. કુલ મતદાન મથકો ૨૩૩૧૮ નોધાવામાં આવ્યા હતા. રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, (૧૭ બેઠકો) આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જેવા ૧૨ જિલ્લાઓની ૯૫ બેઠકો માટે આજે મતદાન થયુ હતુ. મતદાન મથકો પૈકી આશરે ૧૧૪૨૪ મતદાન મથકો ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા હતા. જ્યારે ૨૭૫૧ મતદાન મથકો શહેરી વિસ્તારમાં નોંધાયા હતા. મહિલા મતદારોની સંખ્યા ૯૫૪૧૫૭ જેટલી નોંધાઈ હતી જ્યારે પુરુષ મતદારોની સંખ્યા ૧૦૩૫૮૨૬૫ જેટલી નોંધાઈ હતી. અન્યો મતદારોની સંખ્યા ૭૯ જેટલી હતી. સૌથી મોટી વિધાનસભા વિસ્તારની દષ્ટિએ ગણવામાં આવે તો અબડાસા હતી. આનું ક્ષેત્રફળ ૬૨૭૮ સ્કેવેર કિલોમિટરની આસપાસ છે. મતદારોની દષ્ટિએ જોવા જઈએ તો સૌથી મોટા વિધાનસભા મતવિસ્તાર તરીકે ઘાટલોડિયા રહ્યુ હતુ. અહીં ૨૮૫૯૯૮ મતદારો હતા. જ્યારે સૌથી નાના મતવિસ્તાર તરીકે મતદારોની દષ્ટિએ બાપુનગર હતું.

## મોદી હેટ્રીક નોંધાવશે : એક્ઝિટ, ઓપિનિયન પોલના સ્પષ્ટ તારણો

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ જુદી જુદી ચેનલો પર એક્ઝિટ અને ઓપિનિયન પોલ જારી કરવમાં આવ્યા હતા જેમાં ગુજરાતમાં ભાજપ હેટ્રીક કરવા તરફ આગળ વધી રહ્યુ છે જ્યારે હિમાચલમાં કોંગ્રેસને લીડ મળી રહી છે. ટાઈમ્સ નાઉ માટે સી વોટર દ્વારા કરવામાં આવેલા એક્ઝિટ પોલમાં જણાવાયુ છે કે ભાજપને ૧૧૯-૧૨૯ બેઠક મળશે જ્યારે કોંગ્રેસ ૪૯-૫૯ સીટ જીતી શકશે. ન્યૂઝ ૨૪ દર્શાવે છે કે ભાજપને ૨૦૦૭માં ૧૧૭ની સામે ૧૪૦ બેઠક મળી શકે છે. ચાણક્યના પોલમાં કોંગ્રેસને ૪૦ બેઠક મળી શકે છે. હેડલાઈન ટુડેમાં ભાજપને ૧૧૮-૧૨૮ બેઠકો આપવામાં આવી છે. જ્યારે કોંગ્રેસને ૫૦-૫૬ બેઠકો આપવામાં આવી છે. એબીપી ન્યૂઝ દ્વારા ભાજપને ૧૧૬ બેઠક અને કોંગ્રેસને ૬૦ બેઠક આપવામાં આવી છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે બીજા અને અંતિમ તબક્કાનું મતદાન આજે પૂરુ થયુ હતુ. બીજા તબક્કામાં ૯૫ બેઠક માટે મતદાન યોજાયુ હતુ. ૨૦મી ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા. એક્ઝિટ પોલના તારણ મુજબ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હેટ્રીક તરફ આગળ વધી રહ્યા છે. આજતક, ઓઆરજી પોસ્ટ પોલના સર્વે જણાવે છે કે નરેન્દ્ર મોદી ગુજરાતમાં હેટ્રીક કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. સર્વે મુજબ ગુજરાતની કુલ ૧૮૨ બેઠક પૈકી ભાજપને ૧૧૮થી ૧૨૮ સીટો મળી શકે છે. જ્યારે કોંગ્રેસને ૫૦થી ૫૬ સીટો મળી શકે છે. જ્યારે ગુજરાત પરિવર્તન પાર્ટીને એકથી બે તથા અન્ય પાર્ટીને ચારથી છ બેઠક મળી શકે છે. ગુજરાત ભાજપના પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારે કહ્યુ છે કે ભાજપ અને મોદીના નેતૃત્વમાં ચૂંટણીમાં જીત થાય તેમ લાગી રહ્યુ છે. વરિષ્ઠ પત્રકાર આલોક મહેતાનું કહેવું છે કે જો મોદી મુખ્યમંત્રી બને છે તો તેઓ રાષ્ટ્રીય રાજનીતિમાં પણ મહત્વની ભૂમિકા અદા કરશે. આજ તકના પોસ્ટ પોલ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે સૌરાષ્ટ્રનું કુલ ૪૮ બેઠકો પૈકી અન્ય પાર્ટીના ખાતામાં ૧-૨ બેઠકો જઈ શકે છે. જ્યારે સૌરાષ્ટ્રમાં ગુજરાત પરિવર્તન પાર્ટીને ૧-૨ બેઠક મળી શકે છે.

સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને ૮-૯ બેઠક અને સૌરાષ્ટ્રમાં ભાજપને ૩૬-૩૮ બેઠક મળી શકે છે. અન્ય સર્વેમાં પણ ભાજપને શાનદાર જીત આપવામાં આવી રહી છે. પ્રિ-પોલ સર્વેમાં પણ ભાજપને સૌથી વધુ બેઠકો આપવામાં આવી રહી હતી. બીજા તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલ પર લાદવામાં આવેલા નિયંત્રણો ઉઠી ગયા હતા. ગત ચૂંટણીમાં ૧૧૭ સીટ સાથે ભાજપને સ્પષ્ટ બહુમતિ મળી હતી. સી વોટરના અંદાજ પ્રમાણે મોદીના નેતૃત્વમાં ભાજપને ૧૪૦ બેઠકો મળી શકે છે. એબી નેલ્સનના તારણ પ્રમાણે ભાજપને ૧૧૬ બેઠક સી વોટર તથા ચાણક્ય તથા નેલ્સનની આગાહીની સરેરાશ કાઢવામાં આવે તો ભાજપને ૧૨૮ બેઠકો મળી શકે છે. સી વોટર પ્રમાણે ૧૨૮ અને ચાણક્ય પ્રમાણે ૧૨૭ બેઠકો મળી શકે છે.

## કોણે ક્યાંથી મતદાન કર્યું....

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના ભાગરૂપે આજે રેકોર્ડ મતદાન યોજાયુ હતુ. મતદાન શરૂ થયા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૩૦ વાગ્યે રાણીપમાં મતદાન કરવા માટે પહોંચ્યા હતા. મોદીને જોવા માટે મોટી સંખ્યામાં તેમના ચાહકો ઊમટી પડ્યા હતા. શંકરસિંહ વાઘેલા ગાંધીનગરમાં સવારે ૮.૦૦ વાગ્યે મતદાન કર્યુ હતું. કોણે ક્યાં મતદાન કર્યુ હતુ તેનું ચિત્ર નીચે મુજબ છે.

- નરેન્દ્રભાઈ મોદીએ સવારે ૯.૩૦ વાગ્યે નિશાન હાઈસ્કૂલ, અચલેશ્વર મહાદેવની બાજુમાં સોમેશ્વર પાર્કની બાજુમાં રાણીપથી મતદાન કર્યું
- અરૂણ જેટલીએ ૧૦.૧૫ વાગ્યે ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ, કર્ણાવતી કલબની સામે, એસ.જી. હાઈવેથી મતદાન કર્યું
- આનંદીબેન પટેલએ ૮.૩૦ વાગ્યે શીલજ પ્રાથમિક શાળા, શીલજ ગામથી મતદાન કર્યું
- કૌશિકભાઈ પટેલે ૮.૩૦ વાગ્યે યુટોપીયા સ્કૂલ, સોલાબ્રીજ નીચે, સોલાથી મતદાન કર્યું
- સુરેન્દ્રભાઈ પટેલે ૮.૩૦ વાગ્યે ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ, કર્ણાવતી ક્લબની સામે, એસ જી હાઈવેથી મતદાન કર્યું
- અમિતભાઈ શાહે ૮.૩૦ વાગ્યે નિષ્કલ સ્કૂલ સંઘવી ચાર રસ્તા, નારણપુરાથી મતદાન કર્યું
- હરિનભાઈ પાઠકે ૧૦.૩૦ વાગ્યે બ્રાઈટ સ્કૂલ, બળવંતરાય ઠાકોર હોલ, મણિનગરથી મતદાન કર્યું
- કિરીટ સોલંકીએ સવારે ૮.૦૦ વાગ્યે અમરિ વિદ્યાલય, રાધાસ્વામી સત્સંગ પાસે, રાણીપથી મતદાન કર્યું
- રાકેશભાઈ શાહે સવારે ૮.૦૦ વાગ્યે હેમરાજ સ્કૂલ, અશોકનગર ચાર રસ્તા, વિકાસ ગૃહ, પાલડીથી મતદાન કર્યું
- નરહરિ અમીન ૯.૦૦ વાગ્યે નારણપુરા, મ્યુનિ શાળા.૪, સરદાર પટેલ કોલોની, નારણપુરાથી મતદાન કર્યું
- માધવસિંહ સોલંકી બોરસદમાં સવારે ૯.૦૦ વાગ્યે નૂતન હાઈસ્કૂલમાં મતદાન કર્યું
- સિદ્ધાર્થ પટેલ સવારે ૯.૦૦ વાગ્યે ડભોઈમાં ડીએમ કોલેજમાં મતદાન કર્યું
- નારણભાઈ રાઠવા સવારે ૯.૦૦ વાગ્યે છોટા ઉદેપુર કોલેજમાં મતદાન કર્યું
- મોહનસિંહ રાઠવા જેતપુર પાલીમાં મતદાન કર્યું

## ભાજપની વિરૂદ્ધ બટન દબાવશો તો કરંટ લાગશે

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની અંજાર, જિ. કચ્છ ખાતે ડમી ઈવીએમ દ્વારા મતદાતાઓને ભ્રમિત કરવા, ગુમરાહ કરવા માટે ભાજપના ઉમેદવાર વાસણભાઈ આહીરને જ મત આપવા બટન દબાવવા અને અન્ય બટન દબાવશો તો કરંટ લાગશે. આ પ્રકારની વાતો કરીને મતદાતાઓને મતદાન ચોક્કસ ઉમેદવાર તરફી કરવા માટે કરેલ પ્રયાસ અંગે પુરાવા સાથે સંપૂર્ણપણે ફરિયાદ અંજાર ખાતે કાર્યકરો દ્વારા વહીવટીતંત્રને આપવા છતાં સ્થાનિક વહીવટીતંત્ર આ બાબતો નિષ્ક્રિય રહ્યું છે. ચૂંટણીમાં ભાજપ કચ્છમાં હાર ભાળી જતાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ, અસામાજિક કાર્યરીતિઓ અપનાવીને મતદાતાઓ પર દબાણની પ્રવૃત્તિ કરી છે જે ઘણી જ ગંભીર બાબત છે.

## ગુજરાતના મતદારોએ કોંગ્રેસ તરફી જ મતદાન કર્યાનો દાવો

### પ્રજાના સમર્થનથી કોંગ્રેસની સરકાર નિશ્ચિતપણે બનશે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાનો ચૂંટણી બાદ અભિપ્રાય

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ ચૂંટણી પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલા તેમજ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પંકજ શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૧૨ના બીજા તબક્કાની ૯૫ વિધાનસભા મતવિસ્તારમાં અભૂતપૂર્વ મતદાન દ્વારા લોકશાહીમાં વ્યક્ત કરેલા વિશ્વાસ બદલ મતદાતાઓનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા. પ્રજાના સમર્થનથી કોંગ્રેસ પક્ષની સરકાર નિશ્ચિતપણે બનશે. કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, આ ભારે મતદાન એ ગુજરાતની શિક્ષિત, સંસ્કારી અને શાલીનતામાં માનનારી પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના શાસનના વિરુદ્ધમાં મતદાન કર્યુંછે. અને કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યુંછે. આ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયેલ ભ્રષ્ટાચાર, સામાન્ય અને મધ્યમવર્ગને અન્યાય કરતી નીતિ સામે ગુજરાતના મતદાતાઓએ આજના બીજા તબક્કાના મતદાનમાં ભારે રોષ વ્યક્ત કર્યો છે. ગુજરાતની જનતાએ કોંગ્રેસના ગુજરાત પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ના ૧૨ મુદ્દાઓ જે તમામ વર્ગોને ધ્યાનમાં લઈને તેમની મુશ્કેલીઓ નિવારી તેમને સન્માનજનક સ્થિતિ પ્રદાન કરનારા છે તેમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મહિલાઓએ કોંગ્રેસની ઘરનું ઘર યોજના, વિદ્યાર્થીઓ માટે ટેબલેટ, લેપટોપ, પીવાનું શુદ્ધ પાણી, ખેડૂતોને સિંચાઈનું પાણી અને સસ્તી તેમજ પૂરતી વીજળી, આરોગ્યની સસ્તી અને અસરકારક સેવાઓ, કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ અને ફીક્સ પગારના કર્મચારીઓને પૂરતો પગાર અને ગરીબો-આદિવાસીઓ-દલિતો-લઘુમતિઓ વિગેરે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં વિશ્વાસ વ્યક્ત કરી કોંગ્રેસને આવકારી છે તે બતાવે છે કે ભાજપાને ગુજરાતની પ્રજા જાકારો આપવા માંગે છે.





ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓના બીજા તબક્કાનું મતદાન આજ રોજ તા. ૧૭-૧૨-૨૦૨ના રોજ યોજાયું હતું. ગુજરાતમાં યોજાઈ રહેલ ચૂંટણીના સમગ્રતયા કામગીરીના અભ્યાસ-નિરીક્ષણ અર્થે ભૂતાન ચૂંટણીપંચનું ઉચ્ચ પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે પધાર્યું છે. આજ રોજ શ્રીયુત જે.બી. દોરજી (બ્રિગેડિયર, રોયલ ભૂતાન આર્મી)ના વડપણ હેઠળ આવેલા આ પ્રતિનિધિ મંડળના સભ્યોએ ગાંધીનગર જિલ્લાની ચૂંટણી પ્રક્રિયાની માહિતી મેળવવા જિલ્લા સેવા સદનની મુલાકાત લીધી હતી. તેઓશ્રીએ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કાર્યરત વિવિધ ટીમોની કામગીરીની માહિતી મેળવી હતી. સાથે જ જિલ્લા ચૂંટણી કંટ્રોલ રૂમ, મીડિયા સર્ટીફીકેશન એન્ડ મોનિટરિંગ કમિટી, વેબ કાસ્ટીંગની કામગીરી, ૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મત વિસ્તારના ચૂંટણી અધિકારી શ્રી પ્રકાશ મકવાણાની મુલાકાત લઈ ચૂંટણી લક્ષી કામગીરીની વિગત જાણી હતી. શ્રી પ્રકાશ મકવાણાએ પોસ્ટલ બેલેટની કામગીરીનો પ્રતિનિધિ મંડળના સભ્યોને વિગતે ખ્યાલ આપ્યો હતો. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીએ ચૂંટણીતંત્રની વિવિધ કામગીરીનો ખ્યાલ આપ્યો હતો. પ્રતિનિધિ મંડળના સભ્યો ગાંધીનગર જિલ્લાની ચૂંટણી કામગીરીથી પ્રભાવિત થયા હતા. આ પ્રતિનિધિ મંડળ સાથે મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર કચેરીના નાયબ કલેકટર હિમાંશુ પારેખ અને શ્રી રાજેશ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

## અમદાવાદ જિલ્લામાં ક્યાં કેટલું મતદાન નોંધાયું

અમદાવાદ જિલ્લાની ૧૭ બેઠકો પર આજે બીજા તબક્કામાં શાંતિપૂર્ણરીતે ૭૦.૧૦ ટકા મતદાન નોંધાયુ હતુ. અમદાવાદમાં કઈ બેઠક પર કેટલા ટકા મતદાન થયુ તે અંગેના આંકડા આપવામાં આવ્યા હતા. અમદાવાદ જિલ્લાના કલેક્ટર વિજય નેહરા દ્વારા આ આંકડા આપવામાં આવ્યા હતા જેમાં નજીવા સુધારાની શક્યતા પણ રહેલી છે પરંતુ જે આંકડા આપવામાં આવ્યા હતા તે નીચે મુજબ છે.

| ક્રમ | બેઠક | ટકાવારી |
|---|---|---|
| ૧. | ૪૧-ઘાટલોડિયા | ૭૨ |
| ૨. | ૪૨-વેજલપુર | ૭૩ |
| ૩. | ૪૩-વટવા | ૭૧.૫ |
| ૪. | ૪૪-એલિસબ્રિજ | ૬૭.૫ |
| ૫. | ૪૫-નારણપુરા | ૬૯.૫ |
| ૬. | ૪૬-નિકોલ | ૬૮ |
| ૭. | ૪૭-નરોડા | ૬૮.૫ |
| ૮. | ૪૮-ઠક્કરબાપાનગર | ૬૮ |
| ૯. | ૪૯-બાપુનગર | ૭૦.૫ |
| ૧૦. | ૫૦-અમરાઈવાડી | ૬૯ |
| ૧૧. | ૫૧-દરિયાપુર | ૭૧ |
| ૧૨. | ૫૨-જમાલપુર | ૬૭ |
| ૧૩. | ૫૩-મણિનગર | ૭૧ |
| ૧૪. | ૫૪-દાણીલિમડા | ૭૧ |
| ૧૫. | ૫૫-સાબરમતી | ૭૦.૫ |
| ૧૬. | ૫૬-અસારવા | ૬૭.૫ |
| ૧૭. | ૫૭-દસક્રોઈ | ૭૧ |
| | સરેરાશ | ૭૦.૧૦ |

### અગાઉના વર્ષોના મતદાનના રેકોર્ડ તૂટ્યા

## કયા વર્ષે કેટલા ટકા મતદાન

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતના ઈતિહાસમાં સૌથી ઉંચુ મતદાન બંને તબક્કામાં મળીને નોંધાયુ છે આની સાથે જ સૌથી ઉંચા મતદાનનો રેકોર્ડ પણ સર્જાયો છે.

પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકા અને બીજા તબક્કામાં ૭૦ ટકા મતદાન થયું હતુ. આની સાથે જ ગુજરાતના ઈતિહાસના તમામ ઉંચા મતદાનના રેકોર્ડ તૂટી ગયા છે. ગુજરાતની રચના કરવામાં આવ્યા બાદથી ગુજરાતમાં જે મતદાન હજુ સુધી થયા છે તે પૈકી અગાઉ સૌથી ઉંચુ મતદાન ૧૯૯૫માં ૬૪.૩૯ ટકા નોંધાયુ હતુ પરંતુ ૨૦૧૨માં આના રેકોર્ડ પણ તુટી ગયા છે.

| વર્ષ | મતદારો | મતદાનની ટકાવારી |
|---|---|---|
| ૧૯૬૨ | ૯૫૩૪૯૭૩ | ૫૭.૯૭ |
| ૧૯૬૭ | ૧૦૬૯૪૯૭૨ | ૬૩.૭૦ |
| ૧૯૭૨ | ૧૨૫૦૭૩૮૪ | ૫૮.૧૦ |
| ૧૯૭૫ | ૧૩૯૮૧૩૮૪ | ૬૦.૦૯ |
| ૧૯૮૦ | ૧૬૫૦૧૩૨૮ | ૪૮.૩૭ |
| ૧૯૮૫ | ૧૯૨૯૦૧૪૧ | ૪૮.૮૨ |
| ૧૯૯૦ | ૨૪૮૨૦૩૭૯ | ૫૨.૨૦ |
| ૧૯૯૫ | ૨૯૦૨૧૧૮૪ | ૬૪.૩૯ |
| ૧૯૯૮ | ૨૮૭૭૪૪૪૩ | ૫૯.૩૦ |
| ૨૦૦૨ | ૩૩૨૩૮૧૯૬ | ૬૧.૫૪ |
| ૨૦૦૭ | ૩૬૫૯૩૦૯૦ | ૫૯.૭૭ |
| ૨૦૧૨ | ૩૭૮૧૫૩૦૬ | ૬૯.૮૭ |

## એક્ઝિટ પોલ શું કહે છે....

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કા યોજાઈ ગયા બાદ એક અગ્રણી ટીવી ચેનલે તેના એક્ઝિટ પોલના પરિણામ જારી કર્યા હતા. જે મુજબ ભાજપને શાનદાર જીત મળી રહી છે. જ્યારે કોંગ્રેસને અગાઉ કરતા પણ ઓછી બેઠકો આપવામાં આવી રહી છે. અન્યોને ચાર બેઠકો આપવામાં આવી રહી છે. એક્ઝિટ પોલના પરિણામોમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૮૨ બેઠકો પૈકી ૧૧૯થી ૧૨૪ જેટલી બેઠકો મળશે જે દર્શાવે છે કે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી રહી છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હેટ્રીક નોંધાવવા જઈ રહ્યા છે. ટીવી-૯, સી-વોટર દ્વારા કરવામાં આવેલા એક્ઝિટ પોલના પરિણામો જારી કરવામાં આવ્યા હતા જે મુજબ ભાજપને ૧૧૯-૧૨૪ બેઠકો, આપવામાં આવી છે જ્યારે કોંગ્રેસને ૪૯થી ૫૪ બેઠકો આપવામાં આવી છે. જ્યારે અન્યોને માત્ર ચાર બેઠકો મળી રહી છે. મતદાન હિસ્સેદારીની વાત કરવામાં આવે તો ભાજપ અને કોંગ્રેસ બંનેની મતહિસ્સેદારી ઘટી રહી છે. ભાજપની મત હિસ્સેદારી ત્રણ ટકા ઘટીને ૪૬ ટકા થઈ છે. જ્યારે કોંગ્રેસની મતહિસ્સેદારી એક ટકા ઘટીને ૩૭ ટકા રહી છે. અન્યોની મતહિસ્સેદારીમાં ચાર ટકાનો વધારો થઈ રહ્યો છે.